# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮ અંક : ૨૦૭

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો

**દિનેશ કલ્યાણજી ગોસર**

૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**

૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

email : hydkmm@gmail.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫

ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કિંમત - રૂ. ૧/-

‘‘નિયાંપો’’ માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

આ વર્ષે ચાતુર્માસ દરમ્યાન, અનાયાસે, અધિક માસ આવતા, અમુક ધાર્મિક પર્વ, પ્રથમ અને દ્વિતીય ભાદરવાનાં બેઉ માસમાં ઉજવવાનો અનન્ય લાભ ધર્મપ્રેમીઓને સાંપડ્યો છે. વિશેષ કરીને, પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી, બન્ને માસમાં, એકમેકથી ચડીઆતા અને ઉત્કૃષ્ટભાવથી ઉજવાતાં, અલગ ફિરકા અને સંપ્રદાયનાં સમુદાયનો પરસ્પર સંઘસ્નેહ અને પ્રેમભર્યા ભાઈચારાના હૃદયસ્પર્શી અને અનુપમ ઉદાહરણ થી શ્રી સકળસંઘ અને સમસ્ત જિનશાસનની ગરિમા વધુ ઉજળી થઈ છે. જેની ધન્યતા સૌએ ગૌરવપૂર્ણ અનુભવી છે. ઉપરાંત, તરૂણ અને યુવાવર્ગની, ધર્મપ્રત્યેની, ઉત્તરોત્તર વધતી, શ્રદ્ધાભક્તિ તથા ધર્મનાં મૂળતત્વને જાણવા અને સમજવાની જિજ્ઞાસા પ્રશંસનીય છે.

મંડળની સમિતિઓનાં કાર્યક્રમ નિયમિત રીતે થઈ રહ્યા છે. ગાંધી જયંતિના સપરમા દિવસે આપણી શાંતિ પ્રાયમરી સ્કૂલનાં નાનાબાળકોએ ઘણી ક્ષમતા અને શિસ્તથી ઉત્સાહ ભેર, આ વર્ષનો રમત ગમત દિવસ Sports Day ઉજવ્યો. સૌને અભિનંદન. સમારોહ માં, પોતપોતાનાં ધોરણમાં ઉત્તમ ક્રમાંક સંપન્ન કરેલ કાબેલ વિદ્યાર્થીઓનું પુરસ્કાર થી સન્માન કરાશે. એમને દાદ આપવા સૌ જરૂરથી પધારશો.

આ માસમાં આવતા આનંદભર્યા નોરતા અને વિજ્યદશમીની આપ સૌને શુભેચ્છાઓ.

## ❖ આ માસની ડાયરી ❖

**મનોરંજન સમિતિ - શરદોત્સવ**

૨૮-૧૦-૨૦૧૨, સાંજના ૭.૦૦ કલાકે

હનુમાન વ્યાયામશાળા, કંદાસ્વામી લેન, હૈદરાબાદ

હવે આપ વેબ સાઈટ ઉપર ‘‘નિયાંપો’’ વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

સપ્ટેમ્બર માસ પૂર્ણ થયો. આ વર્ષે બે વખત પર્યુષણ પર્વ ઉજવવાનો લાભ મળ્યો. બીજા પર્યુષણ પર્વ દરમ્યાન પણ ધર્મઆરાધના સારા થયા. વ્યાખ્યાન વાણી તપ-જપનો સારો લાભ લેવાયે.

વિદ્યાર્થીઓને નવરાત્ર-દશેરા-દિવાળીની લગભગ ૨૦ થી ૩૦ દિવસોની રજાઓ પડી છે. સુવિધા મુજબ કાર્યક્રમો ગોઠવાયા હશે.

તા. ૧૬-૯-૧૨ નાં માવજત સમિતિ દ્વારા એક ખૂબજ જ્ઞાન-સભર કાર્યક્રમ યોજાયો, જેમાં ખાસ ડોક્ટરો દ્વારા ત્રણ જુદા જુદા વિષયો ઉપર જાણકારી અપાઈ. આવા કાર્યક્રમમાં સભ્યોની હાજરી સંતોષજનક હોય એ ઈચ્છનીય છે. સંચાલક શ્રી કિર્તીભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

તા. ૩૦-૯-૨૦૧૨ નાં શાંતિવન સમિતિ દ્વારા એક કચ્છી ગીતોનો કાર્યક્રમ યોજાયો. ભાગ લેનાર સભ્યો તથા શ્રોતાઓની સંખ્યા સારી હતી. સંચાલક શ્રી હંસુકુમારભાઈને અભિનંદન.

તા. ૨-૧૦-૨૦૧૨ નાં ગાંધી-જયંતિ નિમિત્તે શાંતિ પ્રાયમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ ખૂબજ મહેનત કરી સુંદર કાર્યક્રમ યોજયો. વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો. સંચાલક શ્રી વિપુલભાઈને આભિનંદન. ભવનમાં રીપેરીંગનું કામકાજ ચાલુ છે.

તા. ૨૮-૧૦-૨૦૧૨ નાં શરદ-પૂર્ણિમાનો કાર્યક્રમ હનુમાન વ્યાયમશાળામાં ઉજવવામાં આવશે. નાના-મોટા સહુને આનંદથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી.

સર્વ સભ્યોને વિનંતિ કે જાુના ચશ્મા જાુની, ફ્રેમો, કે જેનો ઉપયોગ જરૂરતમંદ વ્યક્તિઓ માટે ફરીથી થઈ શકે છે, તે મંડળનાં કાર્યાલયમાં આપી શકે છે. મંડળનાં દવાખાનામાં ફ્રેમો રાખવા માટેના બોક્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

## શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર સાયલા**
ફોન : ૯૨૪૬૫૩૨૫૪૫

રવિવાર દિ. ૩૦-૯-૨૦૧૨ ના આયોજીત કચ્છી ગીતના કાર્યક્રમમાં સારી હાજરી રહેલ. હાજર રહેલા પ્રત્યેક સભાસદોએ અનુભવ કરેલ છે કે સમાજમાં કેવી પ્રતિભા છુપાયેલ છે. છુપાએલ પ્રતિભાને ઓળખીને સમાજ સમક્ષ રજૂ કરવા માટે શાંતિવન સમિતિને આવેલ પ્રત્યેક સભાસદોએ અભિનંદન આપેલ. કચ્છી ગીત પ્રસ્તુત કરવા વાળા ૧૫ જણ હતા. પરંતુ પ્રત્યેકની શૈલી અલગ-અલગ હતી. મિત્ર મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિલાલ સાવલા, પ્રમુખશ્રી ધનજીભાઈ સાવલા માનદમંત્રી શ્રી અમૃતલાલ નીસર, સહખજાનચી શ્રી દિનેશ ગોસર આદિ પદાધીકારીઓની હાજરીથી કાર્યક્રમની ગરીમામાં ચાર ચાંદ લાગેલ. શ્રીમતિ નિશાબેન નિતિન ધરોડ સંચાલનથી વાતાવરણ અલંકૃત થએલ, સાથે - સાથે સાહિત્ય અને જ્ઞાતિ ઈતિહાસની પણ શ્રીમતી નિશાબેને સમજ આપેલ . સહસંચાલક શ્રી દામજીભાઈ સાવલા, સમિતીના અન્ય સન્માનીય સદસ્ય દર્શનાબેન દેઢીયા, વિદ્યાબેન સાવલા, શ્રી ધીરજ જેતશી દુલ્લા, શ્રી નિલેશ સાવલા, હરીશભાઈ ગડા તથા રાજેશ ગડા આદી અનેક જણાએ કાર્યક્રમ સફળ બનાવવા સહકાર આપેલ તે સર્વે ધન્યવાદ ના હકદાર છે.

**Donate Eyes - Live Twice**



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

ચોમાસા દરમ્યાન આપણે હિન્દુસ્તાની પ્રજા કેટલાય ઉત્સવો તથા તહેવારો મનાવીએ છીએ. પણ એની પાછળનો ધ્યેય કે હેતુ શું ? કોને ખબર ? આવોજ આપણો જવાબ હશે.

હમણાજ ગણેશોત્સવ ગયો. હવે ગાંધી જયંતિ તથા નવરાત્રી, દશેરા આવશે. સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત જ્યારે દેશ ગુલામ હતો ત્યારે લોકમાન્ય તિલકે કરાવી. જેનાથી બધા લોકો ભેગા થાય અને સંગઠન તૈયાર થાય. સંગઠનનો હેતુ અંગ્રેજો સામે લડતમાં સહભાગી થવાનો હતો. આઝાદી આવ્યા પછી આ ઉત્સવ જાત-જાતની હરિફાઈ તથા કાર્યક્રમો યોજીને કરવામાં આવતો. પરંતુ સમય જતાં હવે બધા મોજ મજા કરવાજ આ ઉત્સવ મનાવે છે.

૨જી ઓકટોબર સિવાય ગાંધીજી ભુલાઈ ગયા. અને નવરાત્રીમાં ગરબા છોડી ને ડાન્સ આવી ગયા. ઉત્સવો મોજ મજા તથા એકબીજાને મળવાના સેતુ બની ગયા છે, તેની પાછળની ભાવના તો જાણે ભુલાઈ જ ગઈ છે. ધાર્મિક પાઠશાળાઓ તો ધીરે ધીરે બંધજ થઈ ગઈ છે. હવે વડિલોજ પોતાના બાળકોને દરેક તહેવારો ની માહિતિ આપે તો થાય.

એક સમય એવો હતો કે ભગવાન મંદિરોમાંજ બીરાજતા. આજે હવે ભગવાનને આપણે રસ્તામાં લાવી દીધેલ છે જ્યારે આપણે બંગલામાં રહીએ છીએ.

વિવિધા માટે હાલમાં બહુ સારી કૃતિઓ મળી રહી છે. સહુ મોકલનાર ભાઈ બહેનોને આભાર ખાસ વિનંતિ કે જે સંકલન કરેલી કૃતિઓ હોય તો તેનો સ્ત્રોત (**Source**) પણ જણાવવા વિનંતિ.

## SHANTI PRIMARY SCHOOL

Sanchalak : **Vipul Harilal Nisar**

The annual Sports Day of our school was celebrated on 2nd October 2012. Inspite of drizzly whether the students display tremendous zeal and tenacity to perform in front of a large gathering consisting of Committee Members, Trustees, Parents and Guests.

The Sports Meet was declared opened by Managing Trustee Shri Harilal Sawla.

The proceedings started with remembrance to the father of nation by recreating the historic Dandi March. In his welcome address to the gathering, the school correspondent streesed on the need of active participation in sports by the students which would help them to become mentally strong to face tougher curriculums in higher standards.

The Drill display by L.K.G. and U.K.G. classes done in colorful attire attracted loud cheers from the audience. It was followed by games for the students of Class I to Class V. The hardwork put in by the teachers was appreciated.

Medals and certificates for the winners and runner up were distributed by the committee members. The Programme ended with a game of Musical Chairs for the parents.

**SAVE ANIMALS - SAVE NATION**
**ઝાડ વાવો, હરિયાલી લાવો**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

પ્રતિવર્ષ માનવમિત્ર સમિતિ હેઠળ ચાલતી મૂઠીભર અનાજ યોજનાના યુવા યુવતી વોલીન્ટરો ને પ્રોત્સાહાન કરવા સમેલનનું આયોજન થાય તે માટે આ વખતે તા. ૧૪-૧૦-૨૦૧૨ ના દિવસે સાંજે ૭.૦૦ કલાકે કચ્છી ભવનમાં એક સમેલનનું આયોજન કરેલ છે. જેમાં મૂઠીભર અનાજ વોલીન્ટર યુવા-યુવતી તેમજ માનવમિત્ર સમિતિના સભ્યોને સમયસર આવવા વિનંતી.. મૂઠીભર અનાજ યોજનામાં જે યુવા-યુવતી અનાજ ભેગું કરવા માટે યોગદાન આપેલ છે તેમને સમાજ તરફથી સર્ટીફીકેટ આપવાનું નક્કિ થયેલ છે. જે તેમના ભવિષ્યમાં મદદરૂપ થશે. અમારી પાસે મૂઠીભર અનાજ યોજના શરૂ થયા ત્યારથી વોલીન્ટોની નામાવલી છે તે છતાં વોલીન્ટીરોને વિનંતી કે પોતાના નામ સંચાલક શ્રી હિતેન સંઘોઈને લખાવી દે જેથી તા. ૧૪-૧૦-૨૦૧૨ ના દિવસે તેમના સર્ટીફીકેટ આપી સન્માનીત કરી શકાય.

ગત માસમાં મૂઠીભર અનાજ યોજનામાં કુલ્લ ૬૦૦ કીલો ચોખા તેમજ ૫૦ કીલો દાળ પ્રાપ્ત થયેલ છે જે વિવિધ આશ્રમોમાં મોકલાવી આપવામાં આપેલ છે.

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલ રૂા. | ડાયાલીસીસ (૧ ના રૂપ. ૫૦૦) કેટલા ડાયાલીસીસ | હોસ્પિટલ રૂા. | જીવદયા રૂા. | ગો ગ્રાસ ઓટો ઘાસના રૂા. ૮૦૦ ઓટો સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| શ્રી કાચીગુડા જૈન સંઘ | - | ૫૦૦૦/- | - | - | - | - |
| શ્રી પારસ શાંતિલાલ મોરબીયા | - | ૧૦૦૧/- | - | - | - | - |
| શ્રી વિપુલ હરિલાલ નીસર (જન્મ દિવસ નિમિત્તે) | ૫૦૦/- | ૫૦૦/- | | | | |
| શ્રી મતી લતાબેન વિજયસિંહ ભારીયા | - | ૫૦૦/- | ૧ | - | - | - |
| જયસિંહ ક્રિષ્ણદાસ વેદ | - | ૫૦૦/- | - | - | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | ૧૧૦૦/- | ૫૦૦/- | ૨ | - | ૫૦૦/- | - |
| સ્વ. ખેતશીભાઈ પૂજાભાઈ ગડા | ૧૦૦૦/- | ૫૦૦/- | ૧ | ૫૦૦/- | ૫૦૦/- | - |
| સોનલ ચેતન લાપસીયા (જન્મ દિવસ નિમિત્તે) | - | - | ૧ | - | - | - |
| શ્રીમતી ઝવેરબેન લાલજી પરબત મોતા | ૫૦૦/- | - | ૧ | ૫૦૦ | - | - |
| કુ. ભાગ્યા પારસ મોરબીયા | - | - | ૧ | - | - | - |
| પ્રીતી પારસ મોરબીયા | - | - | ૧ | - | - | - |
| સ્વ. હિરજી ભાણજી નીસર ની પુણ્યતિથી | ૨૫૦૦/- | - | - | ૧૫૦૦/- | ૧૦૦૦/- | - |
| શુભ સાગર એપાર્ટમેન્ટ ગણેશ ઉત્સવ આરતી , રામકોટ, હૈદરાબાદ | - | ૧૦૦૦/- | - | - | - | - |

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

અનુભવી ડોક્ટરોનો એક સેમિનાર કચ્છી ભવનમાં રવિવાર તા. ૧૬-૯-૨૦૧૨ સવારે આયોજીત કરવામાં આવેલ. મેમ્બરોની સારી એવી હાજરીમાં ડૉ. અસરદ પંજાની એ (કન્સલટન્ટ ફીઝીસિયન તથા ડાયાબેટોલોજીસ્ટ) કબ્જીયાત વિષયે સારી એવી માહિતી આપેલ. ડૉ. પંકજ વી. ઝરીવાલાએ હાર્ટ બાબતની વિગતવાર જાણકારી સભ્યોને આપી. તેમજ ડૉ.કે. વેન્કટરેડ્ડી એ (કાર્ડીયાક સર્જન) સ્લાઈડસના સાથે લાઈવ હાર્ટ સર્જરી કેમ થાય છે તે બતાડીને હાર્ટની સંભાળ કેવી રીતે લેવી તે વિષયની જાણકારી આપી.

માવજત સમિતિ સહર્ષ રજૂ કરે છે. સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ, જેનો અમલ તા. ૧-૭-૨૦૧૨ થી શરૂ થશે.

૧) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ :** જે સભ્યની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/- સુધીની હોય તેમના કુટુંબના એક સભ્ય કે જેની ઉમર ૪૫ વર્ષ સુધીની હશે તેનો રૂ. ૧,૫૦,૦૦૦/- નો મેડિકલ ઈન્શ્યુરન્સ મંડળ તરફથી કરવામાં આવશે. અરજી સાથે ૧) આવકનું સર્ટિફિકેટ ૨) એડ્રેસ પ્રુફ ૩) ડેટ ઓફ બર્થ નું પ્રુફ ૪) બે પાસપોર્ટ સાઈઝ ફોટો.

૨) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસન ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૩) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૪) **C.C. Shroff Hospital** : માં આપણા ઘણા સભ્ય પરિવાર સારવાર અર્થે જાય છે. ત્યાં કોઈપણ પ્રકારે મદદ કરવા સમિતિના સભ્યો શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા તથા શ્રી હિતેનભાઈ સંગોઈ સેવા આપશે.

ઉપર જણાવેલી કોઈપણ યોજનામાં કંઈપણ ફેરફાર કરવાનો પૂરો અધિકાર માવજત સમિતિને રહેશે.

**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી બ્રાહ્મણ)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ **email: bbastrobhatt@hotmail.com**
(જા.ખ.)

## SHIKSHAN SAMITHI

Sanchalak : **Dirgesh H. Nishar**

I am glad to submit herewith the list of meritourious students of our samaj as under. I wish to congratulate them and we shall be honouring them with Gold and Silver Medals on 7th October 2012.

**TENTH CLASS**

| S.No. | Name of the Student | Father's Name | Vill. in Kutch | % |
|---|---|---|---|---|
| **1)** | **Harsh N. Shah** | **Naresh N. shah** | **Samakhiari** | **95.4** |
| 2) | Gaurav N. Shah | Nalin Shah | Bhuj | 95 |
| 3) | Priyanka Savla | Tushar Savla | Samagogha | 95 |
| 4) | Hiten Gala | Vilas Gala | Sabhrai | 92 |
| 5) | Pankti Gada | Piyush Gada | Latedi | 90 |
| 6) | Haakash Shah | Rohit Shah | Naranpur | 87 |
| 7) | Jinesh Ajay Dharod | Ajay Vershi Dharod | Patri | 87 |
| 8) | Veeral R. Vora | Rajendra A. Vora | Patri | 86 |
| 9) | Karan Savla | Vasant Savla | Kotadi Mahadevpuri | 85 |
| 10) | Jash M. Khandor | Manikant Khandor | Moti Chirai | 85 |
| 11) | Ridhi D. Shah | Darshan Sharad Shah | Anjar | 84 |
| 12) | Uday Karani | Devchand Sharad Karani | Bada | 83.4 |
| 13) | Khyati Dharod | Ajay Dharod | Patri | 83 |
| 14) | Mehul Nagda | Anil Nagda | Moti Sindhodi | 83 |
| 15) | Priyanka Savla | Haresh Savla | Laija | 80 |
| 16) | Ridhi Mamnia | Jayesh Mamnia | Beraja | 79 |
| 17) | Vidhi N. Nagda | Nilesh C. Nagda | Bhojay | 77 |
| 18) | Komal Gala | Kishore Gala | Pratapur | 77 |
| 19) | Khushbu K. Soni | Kishore D. Soni | Bambhdai | 76 |

**INTER 2nd YEAR (COMMERCE)**

| S.No. | Name of the Student | Father's Name | Vill. in Kutch | % |
|---|---|---|---|---|
| **1.** | **Neeti Nisar** | **Vipul Nisar** | **Wadala** | **93.3** |
| 2. | Vihit Maru | Vipul Maru | Godhra | 93 |
| 3. | Krupli Savla | Ramesh Savla | Mothara | 92.9 |
| 4. | Maitri Shah | Jayesh Shah | Vaarapadhar | 88.6 |
| 5. | Jinen. Bhansari | Pankaj Bhansari | Anjar | 87 |
| 6. | Urvi Vora | Vinay Vora | Galpadar | 85 |
| 7. | Komal Gala | Bharat Gala | Desalpur | 84 |
| 8. | Hemali K. Shah | Kantilal D. Shah | Tera | 83.5 |
| 9. | Nisha Gala | Suresh Gala | Desalpur | 83.3 |
| 10. | Anshul Nagda | Sachin Nagda | Naliya | 82.8 |
| 11. | Vidhi Khandor | Manikant Khandor | Moti Chirai | 82.4 |
| 12. | Jinal A. Parekh | Amrish H. Parekh | Anjar | 80 |
| 13. | Nisha L. Shah | Dhanesh Shah | Kothara | 78.6 |
| 14. | Darshini Rambhia | Pankaj Rambhia | Samaghogha | 78.3 |
| 15. | Namita Ruparel | Ramchandra Ruparel | Vinjaan | 78 |
| 16. | Darshan Mota | Gulab Mota | Rapargaduari | 76.2 |
| 17. | Rahul Dedhia | Vijay Dedhia | Koday | 75.8 |

**INTER 2nd YEAR (SCIENCE)**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Ruchika Shah** | **Mahesh Shah** | **Mundra** | **96.7** |
| 2. | Sagar Shah | Nalin Shah | Bhuj | 94.9 |
| 3. | Sameer M. Thakker | Mukesh S. Thakker | Dhufi Moti | 93.4 |
| 4. | Shreyans Shah | Jiten Shah | Samagoga | 89.4 |
| 5. | Samay Shah | Deepak Shah | Mota Layaja | 89.24 |
| 6. | Kinjal Mehta | Harshad Mehta | Mundra | 87.8 |
| 7. | Jai Parekh | Jitendra Parekh | Anjar | 87.1 |

**GRADUATION COMMERCE**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Daksha Gor** | **Chandulal Gor** | **Faradi** | **87** |
| 2. | Mihir Dedhia | Dinesh Dedhia | Bhujpur | 84.55 |
| 3. | Dhiren K. Shah | Kantilal D. Shah | Tera | 83.11 |
| 4. | Rana Jignesh Girish | Rana Girish Laxmidas | Anjar | 82.07 |
| 5. | Sejal Joshi | Ketan Joshi | Jakhau | 81 |
| 6. | Deepti Gala | Kishore Gala | Pratapur | 78.5 |
| 7. | Khushboo Gala | Hashmukhlal Gala | Dumra | 78.35 |

**GRADUATION SCIENCE**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Vishal Gala** | **Surendra Gala** | **Chhasra** | **94.5** |
| 2. | Rushabh Mota | Chandrakant Mota | Devpur | 83.22 |
| 3. | Khyati Gala | Khushal Gala | Sabhrai | 76.15 |
| 4. | Kartik Gala | Harish Gala | Desalpur | 76 |

**POST GRADUATION IN COMMERCE**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Mital Haria (CA)** | **Navin Chand Haria** | **Sherdi** | **56.6** |
| 2. | Ragini Lapasia (CA) | Harish Lapasia | Daltungi Jamnagar | 56.5 |
| 3. | Viral Savla (CA) | Atul Savla | Vanki | 53.05 |
| 4. | Jigar V. Shah (CA) | Vasant P. Shah | Bhuj | 53 |
| 5. | Henal Savla (CA) | Pankaj Savla | Navavas | 51.25 |
| 6. | Jay Manilal Savla (CA) | Manilal Virji Savla | Mota Assambia | 51 |
| 7. | Nikita Vora (MBA) | Rajendra Vora | Patri | 91 |
| 8. | Sohin Savla (MBA) | Vallabhji Savla | Beraja | 84.75 |

**POST GRADUATION IN SCIENCE**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Neerav Karani (Master of Engg.)** | **Anil Karani** | **Dumra** | **91** |
| 2. | Kajal Shah Mota (M.S.) | Mahesh Mota | Varapadhar | - |
| 3. | Gourav J. Shah (M.S.) | Shah | - | - |

**KUTCHHI MITRA MANDAL SPECIAL AWARD FOR AWARD FOR HIGHER PROFESSIONAL COURSE**

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | **Meetal Rambhia (MD Paediatrics)** | **Navin Rambhia** | **Gundala** | **65** |




FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

## મનોરંજન સમિતિ પ્રસ્તુત શરદોત્સવ– ૨૦૧૨

### રવિવાર ૨૮-૧૦-૨૦૧૨, સાંજના ૭.૦૦ કલાકે થી,

### સ્થળ : શ્રી હનુમાન વ્યાયામ શાળા, સુલતાન બજાર,

પ્રતિવર્ષાનુસાર આપણે સૌ સાથે મળી **રાસગરબા** ના થનગનાટ સાથે ઉજવીશુ **શરદ પૂર્ણિમા** જેમાં સહ પરિવાર ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા આપસૌને આમંત્રણ છે.

દાંડીયા, ગરબા અને વેશભુષા હરિફાઇઓ સાથે નિચે મુજબની વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ છે.

**૧) આરતી સજાવટ** (Aarti Decoration) : આરતી ની થાળી પારંપરિક રીતે ઘરે થી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહશે.

**૨) ગરબો સજાવટ** (Garba Decoration) : ગરબો પારંપરિક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજના ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનો રહેશે.

**૩) દાંડીયા સજાવટ** (Dandiya Decoration) : દાંડીયાની જોડ ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનું રહેશે.

દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ :

| | | | |
|---|---|---|---|
| Group A | : | 7 Yrs. & Below | Boy's & Girls |
| Group B | : | 8 Yrs. to 12 Yrs. | Boy's & Girls |
| Group C | : | 13 Yrs. to 18 Yrs. | Boy's & Girls |
| Group D | : | 19 Yrs. to 35 Yrs. | Gents & Ladies |
| Group E | : | 35 Yrs and Above | Gents & Ladies |

વિશેષ સીનીઅર સિટીજન માટે ઓલ રાઉંડ પ્રાઇઝ.

**કપલ દાંડીયા હરીફાઈ** (Couple Dandia Competition) : હરીફાઈમાં ફક્ત મેરીડ કપલ ભાગ લઈ શકશે. પ્રતિયોગીતામાં ફક્ત પાંરપરિક વેષભુષાને પ્રાધાન્ય આપવામાં આવશે.

આરતી, ગરબો અને દાંડીયા સજાવટ માટે નામ નિચે જણાવેલ ફોન નંબર ઉપર તા. ૨૫-૧૦-૨૦૧૨સુધી નોંધાવવું જરૂરી છે.

દુધ-પૌવા ની લહેજત સાથે અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સ્પોન્સર શીપ બેનર માટે નામો આવકાર્ય છે.

સંપર્ક

| | | | |
|---|---|---|---|
| **મહેન્દ્ર વોરા** | **હરેશ દેઢિયા** | **લહેરચંદ લોડાયા** | **સમીર વોરા** |
| ૯૨૪૬૧ ૮૫૬૩૧ | ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૨૪૬૫ ૩૧૦૬૬ | ૯૪૪૦૪ ૧૪૧૨૨ |

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની તા. ૧૦-૧૦-૨૦૧૨ના મળેલ સભામાં સપ્ટેમ્બર ૨૦૧૨ મહિનાનાં ૧૦ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી નિમેશ નવીનચંદ્ર ભેદા | ભૂજપુર | N/1011/10/12 |
| ૨ | શ્રી દિપક ભગવાનદાસ પાલણ | વાંકુ | D/1009/10/12 |
| ૩ | શ્રી રાજેશ નરેન્દ્ર ચૌહાણ | કુંભારીયા | R/1006/10/12 |
| ૪ | શ્રીમતિ કાજલ કુનાલ ભણસારી | અંજાર | K/1017/10/12 |
| ૫ | શ્રીમતિ ગ્રીષ્મા ગીરીશ મોતા | કુંવાપધર | G/1001/10/12 |
| ૬ | શ્રીમતિ રશ્મિ હેમંત સોલંકી | માધાપર | R/1007/10/12 |
| ૭ | શ્રીમતિ પ્રીતિ જીગર બોરીચા | હમીરપૂર | P/1009/10/12 |
| ૮ | શ્રીમતિ વૈશાલી અંશુલ કાપડીયા | પત્રી | V/1008/10/12 |
| ૯ | શ્રી મધુસુદન સાકરચંદ શાહ | ભુજ | M/1013/10/12 |
| ૧૦ | શ્રીમતિ પુષ્પા શરદ ટાંક | ખામરા | P/1010/10/12 |

ઉપરોક્ત સર્વે સભ્યો ને મંડળ વતી હાર્દિક અભિનંદન....

## જીવન ચક્ર

### પુત્ર જન્મ

મમતા કેશવજી વોરા, મોટી વરંડી

### અવસાન

હીરબાઈ દના પાસુ છેડા ઉ.વ.૮૨, મોટા આસંબીયા

### ચક્ષુદાન



ઝવેરબાઈ લાલજી પરબત મોતા ઉ.વ. ૮૬, વારાપધર

### ચક્ષુદાન - દેહદાન

ઉષા રાજેન્દ્ર શાહ ઉ.વ. ૫૮, નારાણપુર

**CHANGE OF ADDRESS : 1) Kushal Meghji Maru**, 1-8-72/A/31/3, 2nd Floor, Above Prakhya Art Printers, Vegetable Market Street, Nallakunta, Hyderabad - 500 044 Ph :2767 4094, 75691 54325

### ભુલ સુધાર

• સભ્ય પદ સમિતિ : કુમાર અંકિત ટીનેશ ગાલા, સાભરાઈ A/1007/9/12

• કચ્છી ઓસવાલ મ્યુ.એ.કો-ઓપ ક્રેડીટ સોસાયટી ની જાહેર ખબરમાં ડાયરેક્ટર-વિત્તનું નામ શ્રી વસંત વોરા છે.

### સંસ્થા સમાચાર

❖ **શ્રી રિદ્ધીશ રમેશ લોડાયા (જાગીરદાર)** ને યંગ સ્ટાર અસોસિયેશન તરફથી યંગ સ્ટાર એવાર્ડ થી નવાજવામાં આવેલ છે. એમને આ એવાર્ડ યુવા હિન્દુ હૃદય સમ્રાટ પાર્ષદ રાજા સિંહના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** ઑક્ટોબર માસના અતિથિ વિશેષ તરીકે શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા (મુંબઈ) છે.

# વિવિધા

## નાના પેકેટ બહોળો વેપાર

ભારતમાં હાલ નિરાશાજનક આર્થિક ચિત્ર પ્રવર્તી રહ્યું છે. ચારેકોર મંદીની વાતો છે તેમજ નોકરી-ધંધા સામે આફતો છે, પરંતુ ધીમા આર્થિક વૃદ્ધિદર અને નિયમનકારી અનિશ્ચિતતાની પરવા કર્યા વગર દેશમાં કાર્યરત એવી નાની-મોટી કંપનીઓ તેમજ ઉદ્યોગ સાહસિકોની એક નવી પેઢી ગ્રાહકોને આકર્ષવા નાની પણ મહત્વની સેવાઓ ઓફર કરી રહી છે. તેમાં પર્સનલ ઉપકરણો (ગેજેટ્સ) ના રીપેર અને મેન્ટેનન્સથી લઈને ફેમિલી ફિઝીશીયનની સેવા આપવાનો સમાવેશ થાય છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીના અહેવાલ પ્રમાણે ભારતમાં ૨૦૧૦ માં ગ્રાહક ખર્ચ રૂ. ૫૫ લાખ કરોડ હતો જે ૨૦૨૦ સુધીમાં વધીને રૂ. ૧૯૫લાખ કરોડ થશે. અસંગઠિત સર્વીસમાં વ્યવસ્થા લાવવાની આ મોટી તક છે. બેવડી આવક ધરાવતા દંપતિ તેમના પ્રાથમિક ગ્રાહકો છે તેમની પાસે ઉપકરણો રિપેર કરવાની દુકાન શોધવાનો સમય નથી.

વૈશ્વિક સ્તરે માહિતી અને માપણી કાઢતી કંપની નિલ્સનના અંદાજ પ્રમાણે ભારતીય ગ્રામ્ય એફ.એમ.સી.જી. બજારનું કદ ૨૦૧૧ ના ૧૨ અબજ ડોલરથી વધીને ૨૦૨૫ સુધીમાં ૧૦૦ અબજ ડોલરનું થઈ જશે. પરંપરાગત રિટેલ અથવા હોલસેલ વેપાર કરનારાઓને હાલની વૈશ્વિક મંદીએ ફરી વિચારવાની તક આપી છે એમ માનીને વેપારમાં ટેકનોલોજીના સથવારે ગણતરી પૂર્વકનો ફેરફાર લાવવો જોઈએ. કારણકે મોટા મોટા કોર્પોરેટો પ્રોડક્ટસની બાબતમાં પોતાને કઈ રીતે બચત થઈ શકે તે માટેના ચક્રો ગતિમાન કરી રહ્યા છે. એક રસપ્રદ તારણ મૂજબ ફાસ્ટ મૂવીંગ કન્ઝુમર ગુડ્સ (એફ.એમ.સી.જી.) કંપનીઓ રૂ. ૨,૩,૫ અને ૧૦ ના પોસણક્ષય પેકથી સારૂં એવું વેંચાણ નોંધાવી રહી છે. ગયા વર્ષે કુલ વેંચાણમાં આવા નાના પેકનો હિસ્સો ૨૫ થી ૩૦ હતો, જે આ વર્ષે વધીને ૪૦ ટકા થી ઉપર જવાની શક્યતા છે. આ રહ્યા એના કેટલાક દાખલાઓ :

- બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીઝના સી.ઈ.ઓ. વિનિતા બાલી જણાવે છે કે અમે ગુડ ડે બિસ્કીટના રૂ. પાંચ ના લો યુનિટ પેક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. રૂ. ૫ અને ૧૦ ના ભાવના પેકેટ બહુ ચાલે છે. આર્થિક વૃદ્ધિ દર ૯ ટકાથી ઘટીને ૬ ટકા થયો છે. તેથી ખર્ચપાત્ર આવકને અસર થઈ છે.
- હિન્દુસ્તાન યુનિલિવર અને આઈટીસી હવે રૂ. ૧૦ માં લક્સ અને વિવેલ સાબુની બ્રાન્ડ પર ધ્યાન આપી રહ્યા છે.
- નેસ્લેએ પ્રથમ વખત રૂ. ૨ અને રૂ. ૧૦ માં રિફિલ પેકમાં પ્રિમિક્સ આઈસ-ટી લોન્ચ કરી છે. અત્યાર સુધી આ બ્રાન્ડ માત્ર રૂ. ૭૫ ના પેકમાં મળતી હતી.
- પેપ્સીકોની ફૂડ શાખા ફ્રિટો-લે એ રૂ. ૩ અને ૫ માં કુરકુરે ના પેક મારકેટમાં મૂક્યા છે. ફ્રિટો-લે ના માર્કેટીંગ ડિરેક્ટર દિપિકા વોરીયરના જણાવ્યા અનુસાર તેમના કોર બ્રાન્ડ બિઝનેસ માં લો-યુનિટ ભાવના પેકનો હિસ્સો એક તૃતિયાંશ જેટલો છે. તે ઉપરાંત વાટિકા ચ્યવનપ્રાશ અને હાજમોલા ના ઉત્પાદક ડાબર નાં કુલ્લ વેંચાણમાં નાના પેકનો હિસ્સો લગભગ ૩૫ ટકા છે.

- પ્રોક્ટર અને ગેમ્બલ એ ડિટરજન્ટ અને શેમ્પુની કેટેગરી માં સેશે મુકવાનું અને ૨ વર્ષ પહેલા રૂ. ૧૫ નું બે ડાઈપર ધરાવતું પેકેટ રજૂ કર્યું હતું. કંપનીની આ વ્યૂહરચના કામે લાગી હતી અને વેંચાણ વધ્યું હતું.
- કોલકોતા સ્થિત ઈમામીના કહેવા પ્રમાણે નાના પેકથી "નવરત્ન કુલ" પાઉડરનું વેંચાણ ગયા વર્ષે લગભગ બમણું થઈ ગયુ હતું અને ખાદ્ય તેલની કેટેગરીમાં રૂ. ૫-૧૦ નું પેકેટ ભારે સફળ રહ્યું હતું.
- બે વર્ષ પહેલા જ્યારે ગોદરેજ અને બોયસે કિફાયતી ભાવમાં રેફ્રિજરેટર "છોટા કુલ" બહાર પાડ્યા ત્યારે મારકેટીંગ નાવીન્યનું સૌથી સારૂ ઉદાહરણ હતું. અત્યાર સુધી સમૃદ્ધ લોકોની ગણાતી આ પ્રોડક્ટને વધારે લોકો સુધી પહોંચાડવાનો આ વિચાર કંપનીએ હાવર્ડ યુનિવર્સીટી સાથે યોજેલી વર્કશોપમાં આવ્યો હતો. ગોદરેજે રેફ્રિજરેટરના વેંચાણ માટે ડિસ્ટ્રીબ્યુટર્સ અને ડીલરોની ચેઈનની પરંપરાગત માર્કેટીંગ પદ્ધતિનો પણ ત્યાગ કર્યો તથા ભારતીય ટપાલ ખાતું, સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ તથા એન.જી.ઓ. સાથે જોડાણ કર્યું.
- નસીબ હોય તો માણસ ક્યાંને, ક્યાં નિકળી જાય એવી વાત વારંવાર ચર્ચાતી રહે છે. નસીબની ભૂમિકા જો કે દિવાસળીથી વિશેષ નથી. એ માત્ર એક ક્ષણ તિખારો સર્જે પણ પછીતો માણસે આપ બળે ઝળહળવું પડે. ધરતીકંપમાં વિધવસ્ત થયેલું ગામ જો બેઠું થઈ શકે અને સૂકીભઠ થયેલી નદી પણ સપ્રયત્ને લીલીછમ થઈ શકે તો ખમીરવંતા કચ્છી માડુ શું કામ ચમત્કાર ના કરી શકે ? આજનો દિવસ તમારો છે. તમારા માટે આમૂલ પરિવર્તન આદરવાનો છે અને પોતાનેજ પોતાના માટે આદર થાય એવા થઈને બતાવવાનો છે.

સં. **દિનેશ કલ્યાણજી ગોસર**

## પ્રાર્થના

હે પરમપિતા પરમાત્મા ! તારા વારંવાર દર્શન, વંદન અને પૂજનથી આજે મારા અંતરમાં શુભ ભાવો પ્રગટ્યા છે. ભૂતકાળમાં થયેલી આશાતનાઓ અને પાપો માટે પશ્ચાતાપ થાય છે. હે પરમેષ્ઠી ભગવંતો ! મેં મારૂ જીવન યાપન કરવા માટે કેટકેટલા જીવોની હત્યા કરી છે ! પાણીના જીવો, હવા, અગ્નિ, પૃથ્વી અને વનસ્પતિના જીવોનો નિર્ધ્વંશ પણે નિરંતર ઉપભોગ કર્યો છે. મારા સ્વાર્થ અને અજ્ઞાનથી ત્રસજીવો-ઈયળ, મચ્છર, માખી, વાંદા, માંકડ, ઉંદર વગેરે અનેક જીવોને દવા વગેરે છાંટી ક્રૂર રીતે માર્યા છે. પશુઓ, પક્ષીઓ પણ મારાથી ત્રાસ અને મૃત્યુ પામ્યા છે. તે બધાય જીવોની આપની સમક્ષ હૃદયના ભાવથી ક્ષમા માંગુ છું. હે કરૂણાના કરનાર ! તારી પણ કેટલીય વાર આશાતના કરી છે. તારી વાતોને ઠુકરાવી છે. અનાચારો અને વ્યાભિચારો સેવ્યા છે. જન્માંતરમાં પ્રાપ્ત થયેલા માતા, પિતા, મિત્રો, સ્વજનો, ભગિનીઓ, ઉપકારીઓ પ્રત્યે ખરાબ વર્તન કરી તેમને પીડા આપી છે. હે કૃપાળુ ! આજના ક્ષમાપનાના પાવન અવસરે સકલ જીવરાશીનું મે જે કાંઈ મનથી અશુભ ચિંતવ્યું હોય, વચનથી અશુભ બોલાયું હોય અને કાયાથી અશુભ કર્યું હોય, તે તમામ અપરાધો પાપો આપના પ્રભાવથી મિથ્યા થાઓ ! સકલ જીવરાશીનું કલ્યાણ થાઓ ! કોઈ કોઈ ને પીડા ન કરો, સકલ જીવો મને પણ ક્ષમા આપે એવી આપની પાસે પ્રાર્થના કરું છું.

**દિનેશ કલ્યાણજી ગોસર**

## યુવાની માં રક્ત દાન, મૃત્યુ પછી ચક્ષુદાન - દેહદાન

# પ્રિય મમ્મી

8 GB ની Pen Drive માં થોડી જગ્યા ઓછી પડી નહિ તો મારુ આખુ બાળપણ એક ફોલ્ડરમાં નાખીને અહી સાસરે લઈ આવી હોત પણ મારૂ બાળપણ તો તારા ખોળામાં જ રહી ગયું. તારા ખોળામા હું માથુ મૂકીને સુઈ જતી એ સમય સોનાનો હતો અને એટલે જ એ ચોરાઈ ગયો, સોનાની વસ્તુઓ પહેલેથી જ હું સાચવી શકતી નથી, ગમે ત્યાં ખોવાઈ જાય છે ઘરે હતી ત્યારે તો તું મને શોધી આપતી સાસરે આવ્યા પછી મારી જ જાત મને મળતી નથી તો બીજી વસ્તુઓ તો ક્યાંથી મળે ?

તું રોજ સવારે મારા માથા ઉપર હાથ ફેરવીને મને ઉઠાડતી. હવે મારે અલારમ મુકવું પડે છે, જે સાડી તુ પહેરતી, એ જ સાડી હવે અલારમ ને પહેરાવું છું પણ તોય ખબર નહિ કેમ ? અલારમ એટલા પ્રેમથી ઉઠાડી નથી શકતુ એ તારી સાડીનો નહિ પણ એ અલારમ નો પ્રોબ્લેમ છે.

આજે પણ રડવુ આવે છે ત્યારે તારી જૂની સાડીનો છેડો આંસુઓ સામે ધરી દઉ છું આંસુઓ ને તો મૂરખ બનાવી દઉ પણ આંખોને કેવી રીતે બનાવુ ? આંખો પણ હવે Intelligent થઈ ગઈ છે. તે મને ટ્રેન કરી એવી જ રીતે મારી આંખો ને પણ તેંજ ટ્રેન કરી છે એટલે મારી આંખો જાહેરમાં રડતી નથી.

મમ્મી જ્યારે પણ વેહીકલ ચલાવું છું ત્યારે પાછળ બેસીને હવે કોઈ મને સૂચન નથી આપતું કે ધીમે ચલાવ, ધીમે ચલાવ એવું કહેવા વાળુ હવે કોઈ નથી. એટલે ફાસ્ટ ચલાવવાની મજા નથી આવતી.

મમ્મી, મારા ઘરથી મારા સાસરા સુધી જતા રસ્તામાં એક પણ યૂ-ટર્ન આવ્યો નહિ, નહિ તો હું તને લેવા ચોક્કસ આવી હોત. લગ્ન પછી ઘરથી સાસરા તરફ જતી વખતે જે ગાડીમા બેસી ને હું વિદાય પામી હતી એ ગાડી ના રેર-વ્યૂ મિરર માં લખેલું હતું કે Objects in the Mirror are closer than they appear બસ એ જ અરીસામાં છેક સુધી મે તારો ચહેરો જોયા કર્યો ત્યારે મનેએવી પણ જાણ નહોતી કે જે રસ્તો મને ઘર થી સાસરા તરફ લઈ જાય છે એ જ રસ્તો પાછો સાસરેથી ઘર તરફ લઈ જશે કે કેમ ?

મમ્મી કેટલાક રસ્તાઓ વન-વે હોય છે. એવા રસ્તાઓ ઉપર હું આગળ નીકળી ગઈ છું. કોઈને મારું સરનામુ પૂછવાનો અર્થ નથી કારણ કે મારી સરનેમ અને સરનામું બંને બદલાઈગયા છે. પણ એ રસ્તાઓ ઉપર Wrong Side માં Drive કરીને પણ તને મળવા હું ચોક્કસ આવીશ કારણ કે મારુ Destination તો તું જ છે જ્યાથી મે મારી જિંદગી ની Journey ની શરૂઆત કરી હતી. મમ્મી મારું Destination અને મારી Destiny બંને તું જ છે. હું નાનપણથી જ મારી દુનિયા નો સ્પોલિંગ Uworldu લખું છું કારણ કે My world starts wid u endeds in U. મમ્મી સાસરે આવ્યા પછી મારી દુનિયા બદલાઈ નથી કારણ કે મારી દુનિયા તો તું જ છે.

લી. **મમ્મી ની દિકરી**

સં. **પંકજ વલ્લભજી સાવલા**




FOR ALL YOUR COMPUTER WORK

❖ CHIP LEVEL REPAIR : LAPTOP, DESKTOP, MOTHER BOARD, MONITOR, PRINTER, UPS, DATA RECOVERY & NET WORKING

❖ TROUBLE SHOOTING ❖ VIRUS CLEANING ETC.

❖ NEW COMPUTER SALES & PURCHASE

Contact : **CARE TECHNOLOGIES,** **Dharmendra Sahani - 90308 773362**

(જા.ખ.)

# ઈજિપ્તના મમી અને મેકડોનાલ્ડ બર્ગર

ઈજિપ્તના મમી અને મેકડોનાલ્ડના હેપી મિલમાં શું સામ્ય છે ? બંને કદી સડતાં નથી. ન્યૂ યોર્કની કલાકાર સેલી ડેવિસનો જાતઅનુભવ છે. એપ્રિલ, ૨૦૧૦ માં તેણે મેકડોનાલ્ડનું હેપી મિલ ખરીદેલું, જે હજી એના રસોડામાં સલામત છે. દર અઠવાડિયે તે એના ફોટા પાડે છે અને નેટ પર મૂકે છે. છ મહિના પછી પણ તેના પર ફૂગ લાગેલી નથી. તે કહે છે, ફેરફાર એક જ થયો છે - ખાવાનું પથ્થર જેવું સખત બની ગયું છે, અડતાં પ્લાસ્ટિક અને એક્રેલિક જેવું લાગે છે.

આરોગ્ય નિષ્ણાતો વર્ષોથી જાણે જ છે કે જંક ફૂડ અને ફાસ્ટ ફૂડ શ્રેણીની વાનગીઓ બગડતી નથી. લેન ફોલીનું બાયોનિક બર્ગર જે ૧૯૮૯ માં ખરીદેલું તે બે દશકા થયા તોપણ બગડ્યું નથી. ખરીદનારાએ એના ઘરના ભંડકિયામાં ન બગડેલા બર્ગરોનું મ્યુઝિયમ બનાવ્યું છે.

લેખિકા જોન બ્રુસો પોતે એક વર્ષ પહેલાં ખરીદેલા મેકડોનાલ્ડ હેપી મિલના આયુષ્ય વિશે કહે છે, મારું હેપી મિલ એક વર્ષ જૂનું છે, પણ હજી સારું દેખાય છે. તેમાંથી કદી ખરાબ વાસ આવી નથી. તે બગડ્યું નથી. તેમાં ફૂગ પણ આવી નથી. આજે સવારે મેં તેનો બર્થ ડે ફોટો પાડ્યો છે.

જૂલિયા હેવે નામની લેખિકા નેટ પર એક પ્રયોગ દેખાડે છે. ૪ વર્ષ જૂની છતાં તાજી દેખીતી મેકડોનાલ્ડની ફ્રેન્ચ ફ્રાઈઝ ને સાથે કુદરતી રીતે સડી ગયેલું બટાટું. આ પ્રકારના અસંખ્યા દાખલા અને ફોટોગ્રાફ નેટ પર ઉપલબ્ધ છે. જે બતાવે છે કે મેકડોનાલ્ડની ફ્રાઈઝ, બર્ગર્સ, મિલ્કશેક, હેમ્બર્ગર, ચીઝ બર્ગર વગેરે વર્ષો સુધી બગડ્યાં નથી.

સાચું - પ્રાકૃતિક બટાટું ખરેખર બગડ્યું બે સપ્તાહ પછી ગણાય પણ બે-ચાર દિવસ પછી એ ખાવાલાયક રહેતું નથી. ફળ અને શાક એક અઠવાડિયામાં બગડી જાય છે. બ્રેડ બે દિવસ ટકે છે ને દૂધની ચીજો એક દિવસ, ત્યારે ફાસ્ટફૂડ આટલું બધું કેવી રીતે ટકી ઘણાં કારણ છે : તેમાં પુષ્કળ રસાયણો ભેળવેલાં હોય છે, જેને જીવડાં, ફૂગ કે અન્ય જીવાણુ અડતાં નથી. તેમાં સોડિયમ અને પ્રિઝર્વેટિવ સોલ્ટ મોટાં પ્રમાણમાં ૨૦ ટકા જેટલું પીંક સ્લજ હોય છે. આ શબ્દ અમોનિયાથી ટ્રીટ કરેલા માંસ માટે વપરાય છે. અમોનિયા બેક્ટેરિયાનાશક હોવાથી ટોયલેટ ક્લિનર તરીકે વપરાય છે. બીજું કારણ ફ્રેન્ચ ફ્રાઈઝ બે વાર તળાયેલી હોય છે. હાઈડ્રોજનેટેડ ટ્રાન્સ ફેટ ખોરાકને ખૂબ લાંબો સમય ટકાવે છે. ઘણી ફાસ્ટ ફૂડ કંપની તેમની વાનગીઓને અમુક પ્રકારનાં કિરણો નીચેથી પસાર કરે છે. રેડિયેશન થેરપી. રેડિયેશનથી ખોરાકની સંઘટના બદલાય છે, તેમાં કોઈ જીવાણુનું જીવન જન્મી કે ટકી શકતું નથી અને એટલે એ સડતું નથી.

મેકડોનાલ્ડની વાનગીઓને કોઈ જીવાણુ કે બેક્ટેરિયા કે ફૂગ અડતાં નથી, તેનું સાચું કારણ એક જ છે - મેકડોનાલ્ડની વાગનીઓ ખોરાક છે જ નહીં. તે એક રાસાયણિક સંયોજન માત્ર છે, જે દેખાવે, સુગંધે ને સ્વાદે ખોરાક છે પણ તેનું કોઈ પૌષ્ટિક મૂલ્ય નથી. મેકડોનાલ્ડ બર્ગર બનાવવું હોય તો પ્રયોગશાળા જોઈએ, રસોડું નહીં.

મેકડોનાલ્ડ બનમાં ૨૦ વર્ષ પછી પણ જીવાણુંઓ થતાં નથી તેનું કારણ તેમાંના રસાયણો છે, પ્રિઝર્વેટિવ્ઝ છે, જેનું લિસ્ટ તમને મેકડોનાલ્ડની વેબસાઈટ પર જોવા મળશે. ઘરમાં બનતી ફ્રાઈઝ (બટાટાની

કાતરી) માં બે જે ચીજ જોઈએ - બટાટા અને તળવાનું તેલ પણ મેકડોનાલ્ડની ફાઈઝમાં ? બટાટા, કેનોલા ઓઈલ, હાઈડ્રોજનેટેડ સોયાબીન ઓઈલ, નેચરલ બીફ ફ્લેવર, સાઈટ્રિક એસિડ, પ્રિઝર્વેટિવ, મીઠું, સોડિયમ એસિડ પાઈરોફોસ્ફેટ અને ડિમિથાઈલપોલિસિલોકઝેન.

મેકડોનાલ્ડનાં ચીઝ, રેફ્રિજરેટર વગર રહે છે ને કદી બગડતાં નથી. અથાણાની એક ચીર પર સોડિયમ બેન્ઝોઈટ નામનું સંરક્ષક રસાયણ વિનાની હોતી નથી.

પોષણ અને સુગંધના ચટાપટાવાળા પ્રોસેસ્ડ ફૂડમાં સ્વાદ અને સુગંધ ઉમેરવા માટે પણ રસાયણોનો ઉપયોગ થાય છે. ઉપરાંત તેમાં બંધાણ થઈ જાય તેવું રસાયણ પણ ઉમેરેલું હોય છે, જેથી ખાનાર વારંવાર એ જ ચીજ ખાવા પ્રેરાય. મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી) બંધાણ કરાવવા ઉપરાંત વજન વધારવામાં અને માઈગ્રેન (માથાનો દુખાવો) થી માંડી ડિપ્રેશન-હતાશા અને એગ્રેશન-આક્રમતા જેવી તંદુરસ્તીને લગતી સમસ્યાઓ ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે.

આ સુંદર ગ્રહ પર માણસ એક જ એવું મૂર્ખ પ્રાણી છે જે વર્ણસંકર, રસાયણયુક્ત, મૂળતત્ત્વો સાથે ચેડાં કરાયેલું, હોર્મોન અને જંતુનાશકોથી લદાયેલું, જથ્થાબંધ ઉત્પન્ન કરાતું વાસી હેમબર્ગર ખાય છે, જેને કૂતરાની વિષ્ટા પર નભતી ફૂગ સુદ્ધાં અડતી નથી. પછી તેના શરીરમાં ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ, મેદસ્વીતા, ડેમેન્સ્યીયા (ચિત્તભ્રમ), ઓટિઝમ (બાળકોમાં જોવા મળતી મનોવિકૃતિ) જેવી આફતોનો મેળો જામે તે વાતમાં નવાઈ શી ?

જો તમારે ખરો - સાચો ખોરાક ખાવો હોય તો આવા ન બગડતા તમામ ખોરાકથી દૂર રહેજો. જો પ્રાકૃતિક વિઘટન જ નહીં થાય તો ખોરાક હોજરીમાં પચશે શી રીતે ? પચવું એટલે તેમાં ફેરફારો થવા જો ફેરફારો જ નહીં થાય તો પોષકતત્ત્વ જુદાં કેવી રીતે પડશે અને શરીરને ઉપયોગમાં કેવી રીતે આવશે ?

એટલે મેકડોનાલ્ડ કે કોઈ પણ ફાસ્ટ ફૂડ શ્રેણીનાં બર્ગર ન ખાવ. તે કરતાં તેનું ખોખું ખાઈ જશો તો તે કદાચ તંદુરસ્તી માટે વધુ લાભદાયક નીવડશે - કમ સે કમ તેનું વિગટન બર્ગર કરતાં તો વધુ ઝડપથી થશે

સં. હરિલાલ ભીમશી સાવલા




દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

લક્ષ્મીચંદ કેનિયા M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD

Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

# આ સાથેજ થોડા સંકલિત અંશો

❖ પુત્ર એ પિતા નું રૂપ છે પરન્તુ પુત્રી એ પિતા નું સ્વરૂપ છે. જો પુત્ર એ પિતા નો હાથ છે તો પુત્રી પિતાનું હૈયું છે. - ***મોરારીબાપુ***

❖ માં એ મમતા ની મૂર્તિ છે, પિતા વાત્સલ્ય ની મૂર્તિ છે પરન્તુ દીકરી એ દયા ની મૂર્તિ છે.

❖ પિતાનો અઢળક પ્રેમ અને માતાનું નિર્મળ વ્હાલ એ ભેગુ થઈ ને આકાશમાં ચડે અને એની વાદળી બંધાય અને એ વાદળી એક ધાર વરસે એનું નામ દીકરી.

❖ આપણી ભારતીય સંસ્કૃતિમાં સમર્પણ અને ત્યાગની પ્રતિકૃતિ હોય તો તે દીકરી છે. આપણે ત્યાં એમ કહેવાય છે કે પોતાના ઘરમાં દીવો કરે એને દીકરો કહેવાય અને બીજાના ઘરે જઈ દીવો કરે એને દીકરી કહેવાય - ***ભીખુદાન ગઢવી***

❖ ગયા ભવમાં જેણે પુણ્ય કર્યા હોય એને જ આ ભવમાં દીકરી મળે છે. - ***ચંદ્રકાન્ત બક્ષી***

❖ દીકરી એ ગોળનું ગાડું છે. મનની મીઠાશ છે. એનું રમતિયાળ પણું હવાને હરાવે એવું હોય છે. જેને ઘેર દીકરી નથી તેને લાગણી શું એની ક્યાંથી ખબર હોય - ***ચીનૂ મોદી***

❖ એકજ દીકરીને સાસરે વળાવવાની ઘટના પણ માંડ જિરવાય તેવી હોય છે દીકરીનો માતાપિતા સાથે નો સંબંધ કેવળ નિર્વ્યાજ વ્હાલનો હોય છે. આ સંબંધના તાણાવાણા વિધાતા પણ ઉકેલી ન શકે તેટલા બારીક હોય છે. - ***ભૂપત વડોદરિયા***

❖ તમે ગમે તે કહો પણ એક વાત સોનાના પતરા પર લખી રાખવા જેવી છે કે દીકરી ઘરનું અજવાળું છે. ઘરની ચાંદની છે. દીકરી ના હાથમાં સ્પર્શનો જાદૂ હોય છે. કંકરાને સહેજ અડકે કે તરત જ નિર્જીવ કાંકકરા જીવતા પાંચીકા બની જાય છે. કાંકરાને પાંચીકોમાં ફેરવી નાંખવાનો કસબ દીકરીના હાથ સિવાય બીજે ક્યાં જોવા મળે. - ***અનિલ જોષી***

સંકલન : **રશ્મિ રાજેશ 'લોડાયા**

# દિકરી દિલનો દીવો

સપ્ટેમ્બર માસના નિયાપોમાં શ્રી પંકજભાઈ સાવલા દ્વારા સંકલિત "દીકરી બાપના દિલની શાતા" વાંચ્યું-ગમ્યું અને તે સાથે જ આ વિષયના અનુસંધાનમાં મારે પણ લખવાનું મન થયું તો આ વિષય પર મારા દ્વારા સંકલિત અને સાથે જ થોડા સ્વરચિત વિચારો લખું છું તે આ પ્રમાણે છે.

બહુલ ચંચલ-બહુત ખુશ્નુમાસી હોતી હૈ બેટિયાં
બાબુલ કી બહુત હી લાડલી હોતી હૈ બેટિયાં
નાજુક સા દિલ રખતી હૈ, માસૂમ સી હોતી હૈ બેટિયાં
ઘર ભી મહેક ઉઠતા હૈ જબ મુસ્કુરાતી હૈ બેટિયાં
ઓસ કી બૂંદ સી હોતી હૈ બેટિયાં
સ્પર્શ ખુરદુરા હો તો રોતી હૈ બેટિયાં
રોશન કરેગા બસ બેટા તો એક કુલ
દો-દો કુલો કી લાજ હોતી હૈ બેટિયાં

માં-બાપ કી સાંસ હૈ બેટિયાં
જિંદગી કી આસ હૈ બેટિયાં
ચાંદ-તારો સી પ્યારી હૈ બેટિયાં
આશા કી કિરણ હૈ બેટિયાં
હીરા અગર બેટા હૈ તો મોતી હૈ બેટિયાં
આન બાન શાન હૈ જેવર હૈ બેટિયાં
કુમ કુમ હૈ કાજલ હૈ શ્રૃંગાર હૈં બેટિયાં
રિશ્તો કો જોડને કા કલેવર હૈં બેટિયાં

**રશ્મિ રાજેશ લોડાયા**

# પગનું મહત્વ

માનસિક રીતે વિચારીએ તો આપણે આપણા રોજીંદા જીવનમાં પગને ખાસ મહત્વ નથી આપતા. શરીરની અંગ રચનામાં પગનું સ્થાન સહુથી નીચે છે. કોઈના ઉપર ગુસ્સો આવેલ હોય અને તેનું અપમાન કરવા માટે કહેવામાં આવે છે, "તેને લાત મારી કાઢી મુકવો જોઈએ". એક કહેવત છે કે સ્ત્રીની બુધ્ધી (પગની) પાનીએ હોય (જો કે આજના સમયમાં આ કહેવત ખોટી પડે છે.) શરીરના અંગોમાં સહુથી વધારે શ્રમ/તકલીફ ભોગવવાની હોય તો તે પગને જ છે. બનવાજોગ છે એટલેજ આપણા માનસપટમાં પગનું મહત્વ ગૌણ સમજાય છે.

ખરેખર જુઓ તો પગનું મહત્વ તેમજ સ્થાન ઘણું ઉચું છે. ભગવાનની પુજાની શરૂઆત આપણે મસ્તકથી નહીં પણ પગના અંગુઠાથી કરીએ છીએ. સાધુ સંતોના પગ ધોઈને ભક્તો ચરણામૃત લઈને ધન્ય સમજે છે. વડીલોનો આદર તેમને પાય વંદન કરીને કરીએ છીએ. રામાયણની વાત કરીએ તો રાણી કૈકયીએ ભગવાન રામને ૧૪ વર્ષનો વનવાસ તેમજ પુત્ર ભરતને અયોધ્યાની રાજગાદી મળે તેમ રાજા દશરથ પાસે વચન માગ્યું ત્યારે ભરતે શું કરેલ ? ભરતે ભગવાન રામના વનવાસ દરમ્યાન રાજ્ય સંભાળ્યું પણ પોતે રાજગાદી પર બેસીને નહીં પણ રાજગાદી પર ભગવાન રામના પ્રતિક રૂપે 'રામ પાદુકા' ને સ્થાપિત કરીને નહીંકે રામના રાજમુગટ કે રામની મુર્તીને સ્થાપિત કરીને.

પગ આપણને હરતા ફરતા રાખે છે. કોલેસ્ટ્રોલ, ડાયાબીટીશ કે વજન ઘટાડવા ડોક્ટરો સલાહ આપે છે કે ૪/૫ કી.મી. ચાલવાનું રાખો. પગ ચાલતા અટકી જતા આપણે સદંતર પરવશ થઈ જઈએ છે. પગ તો શરીરનો એક મહત્વનો અંગ છે સાથે સાથે આપણા જીવનમાં ધાર્મિક, સામાજીક તેમજ આધ્યાત્મિક વ્યવસ્થામાં એક અત્યંત મહત્વનો ભાગ ભજવે છે.

**રમેશ એમ. શાહ**

# A Letter to Every Indian - APJ

The president of India Dr. A.P.J. Abdul Kalam's Speech in Hyderabad. Why is the media here so negative ? Why are we in India so embarrassed to recognize our own strenghts, our achievements ?

We are such a great nation. We have so many amazing success stories but we refuse to acknowledge them. Why ?

We are the first in milk production. We are number one in remote sensing satellites. We are the second largest producer of Wheat. We are the second largest producer of rice. Look at Dr. Sudarshan, he has transferred the tribal village into a self-sustaining, self-driving unit. There are millions of such achievements but our media is only obsessed inthe bad news and failures and disasters.

I was in Tel Aviv once and I was reading the Israeli newspaper. It was the day after a lot of attacks and bombardments and deaths had taken place. The Hamas had struck. But the front page of the newspaper had the picture of a Jewish gentleman who in five years had transformed his desert into an orchid and a granary. It was this inspiring picture that everyone woke up to. The gory details of killings, bombardments, deaths, were inside in the newspaper, buried among other news.

In India we only read about death, sickness, terrorism, crime... Why are we so Negative ? Another question : Why are we, as a nation so obsessed with foreign things ? We want foreign T.Vs., we want foreign shirts. We want foreign technology.

Why this obsession with everything imported. Do we not realize that self respect comes with self-reliance ? I was in Hyderabad giving this lecture, when a 14 year old girl asked me for my autograph. I asked her what her goal in life is. She replied, I want to live in a developed India. For her, you and I will have to build this developed India. You must proclaim, India is not an under developed nation, it is a highly developed nation.

**Monik Vinod Dharamshi**

## સંવત ૨૦૬૮ દશેરા તથા દિવાળી ના શુભ મુહુર્તો

| પર્વ | શુભ કાર્ય | સમય |
|---|---|---|
| વિજયા દશમી<br>(દશેરા)<br>આસો સુદ ૧૦<br>બુધવાર તા. ૨૪-૧૦-૨૦૧૨ | રાત્રી પૂજન, શસ્ત્ર પૂજન,<br>વાહન પૂજન, નવાકાર્ય, ચોપડા<br>નોંધાવવા, ખરીદવા તથા કિમતી<br>વસ્તુઓની ખરીદીનો શુભ દિવસ | ૬.૩૦ થી ૯.૩૦ લાભ અમૃત<br>૧૧.૦૦ થી ૧૨.૩૦ શુભ<br>૧૫.૧૫ થી ૧૮-૧૦ ચલ, લાભ<br>૧૯ - ૪૨ થી ૨૪-૨૩ શુભ, અમૃત ચલ |
| પુષ્ય નક્ષત્ર દિન મંગળવાર<br>આસો વદ ૭માં ૬-૧૧-૨૦૧૨ | ચોપડા ખરીદવા ઑર્ડર<br>આપવાનો શુભ દિવસ | ૯.૩૦ થી ૧૩.૪૫ ચલ,લાભ અમૃત<br>૧૫.૧૫ થી ૧૬.૪૦ શુભ |
| ધનતેરસ રવિવાર (૧૩-૨૮) થી<br>આસો વદ ૧૨<br>તા. ૧૧-૧૧-૨૦૧૨ | શ્રી.યંત્ર પૂજન, ધનવંતરી પૂજન<br>ચોપડા લાવવા, ગાદી<br>બીછાવવાનો શુભ દિવસ | ૧૩.૪૦ થી ૧૫.૧૨ શુભ<br>૧૮.૦૦ થી ૨૨.૪૦ શુભ<br>અમૃત, ચલ |
| દિવાળી - લક્ષ્મીપૂજન<br>મંગળવાર આસોવદ ૧૪/૩૦,<br>તા ૧૩-૧૧-૨૦૧૨ નિષિધકાળ<br>વ્યાપીની અમાવસ્યા હોવાથી<br>લક્ષ્મીપૂજન શાસ્ત્ર શુધ્ધ છે. | દીપ પ્રાગટ્ય ઉત્સવ<br>મહાલક્ષ્મી પૂજન<br>શારદા પૂજન,<br>ચોપડા પૂજન | ૯.૩૦ થી ૧૩.૪૫ ચલ, લાભ અમૃત<br>૧૫.૧૦ થી ૧૬.૩૫ શુભ<br>૧૯.૩૫ થી ૨૧.૧૦ લાભ<br>૨૨.૪૫ થી ૨૭.૩૫ શુભ અમૃત ચલ |
| વિક્રમ સંવત ૨૦૬૯ નવું વર્ષ<br>બુધવાર કારતક સુદ ૦૧ તા.૧૪-<br>૧૧-૨૦૧૨ | સ્નેહમિલન દિન<br>ચોપડામાં મિત્તી નાખવી<br>વડીલો, ગુરૂના આશીર્વાદ<br>પામવાનો દિવસ | ૬.૩૦ થી ૯.૩૦ લાભ અમૃત<br>૧૧.૦૦ થી ૧૨.૩૦ શુભ |

**પંડીત ભરત ભટ્ટ**
**૯૪૪૦૪ ૯૮૩૦૮**
(કચ્છી ગોર)


**KANCHAN & KEVAL GRUH UDYOG**

*Specialist in all Khakharas*

*Ghee Jeera, Ghee Sada, Methim Spl. Masala, Spl. Methi Masala, Chorafali, Spl. Math & Bhakharwadi*

**Contact : Guarav Gala - 93460 10165, Bijal Gala - 95335 90165**
**Resi. - 040-2760 8197**

(જા.ખ.)

Vijay Jagirdar
m: 92465 98935

Gautam Shah
m: 92465 28935

**Maa Shakti TOURS**
International & Domestic
(A member of TOA)
Since 2000

New Office
Archana Complex, 18/89,
Beside Centro Showroom,
Chaitanyapuri X Road,
Dilsukhnagar, Hyderabad
500060. INDIA
E: maashaktitours@gmail.com




(જા.ખ.)

**દિપક મહારાજ**
(કચ્છી સારસ્વત બ્રાહ્મણ)

શ્રી ગણેશાય નમઃ

**Ph : 92902 70722**
**90006 19755**

**જય આશાપુરા માતા જ્યોતિષ કાર્યાલય**

શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, ચંડી યજ્ઞ, નારાયણ બલિ (પિતૃદોષ), નાગદોષ, વાસ્તુ હવન, જૈન લગ્ન વિધી, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, તથા દરેક પ્રકારની કર્મકાન્ડ સંતોષકારક કરી આપવામાં આવશે, ગ્રહો ના જાપ, ગ્રહો ના નંગ, સિદ્ધ કરેલા યંત્રો પણ મળશે. જ્યોતિષ ને લાગતો દરેક પ્રકારનું કાર્ય જેમકે મેળાપક, જન્માક્ષર, કુંડલી બનાવા મળો

(જા.ખ.)

# Sri Ridhi Sidhi Snacks & Khakras

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

**New Arrival : Deepavali order also taken.**
**Bulk Spl. Finiya Laddu, Godiya Laddu, Cadbury Finiya, Green Finiya, etc. Chikkis & All varieties of Thepla (Orderthi Banavsu)**

Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1 Ph : 99630 10657, Sunita Gala - 94408 75034

**BULK ORDER FREE HOME DELIVERY**

(જા.ખ.)

# શ્રધ્ધા સુમન



## માતુશ્રી ઝવેરબાઈ લાલજી પરબત મોતા

(વારાપધર)

અરિહંત શરણ તા. ૬-૧૦-૨૦૧૨

*પરમ કૃપાળુ પરમાત્મા આપનાં આત્માને પરમ શાંતી આપે*
*એવી ભાવપૂર્વક શ્રદ્ધાજંલીનાં સુમન અર્પણ કરીએ છીએ....*

**ઉત્તમચંદ શામજી પરબત મોતા**

**મહેન્દ્ર શામજી પરબત મોતા**

**વિજય પદમશી શામજી મોતા**

તથા સમસ્ત મોતા પરિવાર

(જા.પ.)



# Abha Beauty Parlour & Beauty Academy

We are specialised in Bridal Makeup, Hairstyle & Mehendi. We undertake Hair Spa also.

Here a special news for you, now dont waste your time and earn better income by learning Beauty & Mehendi Courses & develop yourself.

✶ **BEAUTY PACKAGES** : Facial, Bleaching, Waxing, Eyebrows for just Rs. 500/-
Facial, Bleaching, Waxing, Eyebrow, Manicure & Pedicure for Rs. 800/-

✶ **EXCLUSIVE TREATMENT** : Foot Facial, Hand Facial, Stone Therapy and galvanic treatment.

Contact : **Mrs. Bhavini Patel**
203, 3rd Floor, Raghavendra Homes,
Opp. Raghavendra Temple,
Kachiguda, Hyderabad-27
Ph : 040-6516 3974, 99081 83870

**Timings**
**11.00 am to 8.00 pm**
**(Sunday Closed)**

(જા.ખ.)

**WE UNDERTAKE MARRIAGE ORDERS ALSO**

*Jai Mahaveer*

## *Ask for complete water-proofing package for your individual building, Apartment, Flat or Commercial, Corporate Establishment*

***WITHOUT BREAKING / DAMAGING YOUR EXISTING STRUCTURE WITH***

***NANO-TECHNOLOGY***

# NAMAN Construction Solutions

Please call on us :

**VARDHAMAN D. SHAH**

Prop. Naman Construction Solutions

**B/1, Suryanarayana Apts., Lingampally, Kachiguda,**
**Opp. Gujrati Pragati Samaj Function Hall,**
**Hyderabad - 500 027 (A.P.)**
**Ph : 98853 41835, 040-6457 4501**
**E-mail : naman.construction.solutions@gmail.com**

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

## Upto 20% Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

# KCC Kutchhi Cricket Club Hyderabad

Comming Soon
27th Jan 2013
the ultimate cricket extravangaza

Victory Cup

# KPL-5

*Kutchhi Premier League*

For Sponsorship Opportunities & Team Franchises Call
Sohin Savla - 8655548067
Chetan Gossar- 9246201414
Hiten Gala- 9347000115
Ritesh Dharod - 868888488

(જા.ખ.)

For Further information & suggestions visit www.cricketkpl.com.
join us at facbook@kutchhicricketclubhyderabad. Manthan Shah - 9849319090

શુભ || અનંત ચૌવિશી જીન નમો || લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પલેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦/- માત્ર.

શ્રી સંઘ દ્વારા જીવદયાના ભગીરથ કાર્યને યોગ્ય પ્રતીસાહ મલી રહ્યો છે. હનુમાન વ્યાયામ શાળા રવિવાર ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૨ ના આયોજીત સમસ્ત જૈન સમાજના ક્ષમાપના સમ્મેલનમાં ભેગી થએલ રકમ નીચે મુજબ આપવામાં આવેલ

| | |
|---|---|
| સત્યમ શિવમ સુન્દરમ ગૌ નિવાસ | રૂ. ૨૦,૧૦૦.૦૦ |
| પિપલ ફોર એનીમલ | રૂ. ૧૬,૫૦૦.૦૦ |
| (હોસ્પીટલના નૂતનીકરણમાં ઈલેક્ટ્રીકલ ખર્ચ પેઠે અનુદાન આપવામાં આવેલ) | |
| કબુતરના ચણ માટે | રૂ. ૫૭૦૦.૦૦ |

શ્રી સંઘ સંકૃત્ય ના જે જે પણ ઝુંબેશમાં ઝપલાવે છે. દૈદીપ્યમાન સફળતા પ્રાપ્ત થાય છે. સત્ કાર્ય કરવા ઈચ્છનાર પુણ્યશાલી આત્માઓને આગળ આવવા અપીલ કરીએ છે. શ્રી સંઘ હમેશા તમારા કાર્ય માટે પોતાનો મંચ આપવા તત્પર છે.

શ્રી જીનેશ્વરધામમાં ઓક્ટોબર ૨૦૧૨ ના આયોજીત અટ્ઠમ તપ આરાધનાના પ્રત્યેક તપસ્વીને શ્રી સંઘ દ્વારા શ્રી કુલપાકજી યાત્રા કરાવવામાં આવશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (શ્રી.ખ.)

## શાંતિ પ્રાયમરી સ્કૂલ દ્વારા યોજાએલ કાર્યક્રમોની તસવીરો




## શાંતિવન સમિતિ આયોજીત કાર્યક્રમની ઝલક



# પર્યુષણ ઉત્સવ સમિતિ આયોજીત તપસ્વી બહુમાન અને ક્ષમાપના મિલન કાર્યક્રમની ઝલક

